# વરસાદનો કહેર

## અનરાધારનું રૂપ પહેલી વખત



## વાંસદાના ગંગપુરમાં બાઈક સહિત બે યુવાનો તણાયા


વાંસદાઃ અતિ ભારે વરસાદના પગલે વાંસદા તાલુકામાં ગંગપુર ગામેથી લીમઝર તરફ જવાના માર્ગ પર આંગણવાડી પાછળ આવેલી ખાડી ઉપરથી ગુરુવારે ભારે વરસાદ દરમિયાન પાણીનો જોરદાર પ્રવાહ પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન એક બાઈક પર સવાર બે અજાણ્યા યુવાનો ખાડી પાર કરવાનો પ્રયાસ કરતા પાણીના તેજ પ્રવાહમાં બાઈક સહિત તણાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. વહીવટી તંત્ર, પોલીસ તેમજ બચાવ દળને જાણ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા તણાઈ ગયેલા બંને યુવાનોની શોધખોળ માટે તાત્કાલિક કામગીરી શરૂ કરવામાં આવી હતી. મોડે સુધી તેની ભાળ મળી ન હતી. પ્રશાસને ભારે વરસાદ દરમિયાન પાણી ફરી વળેલા કોઝવે, ખાડીઓ અને નાળાઓ પાર કરવાનો પ્રયાસ ન કરવા તેમજ સાવચેતી રાખવા લોકોને અપીલ કરી છે.




**પાણી ભલે તરસ છીપાવે છે પણ તેનું રૌદ્ર રૂપ પણ હોય છે, કુદરત રૂઠી ગયો હોય તેમ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી બેટ જેવા બની ગયા છે**


નવસારી, પૂર્વ વિસ્તાર


વલસાડ, છીપવાડ, દાણા બજાર


કપરાડા, ડુંગર ધસી પડ્યો


ઓલપાડ


રામજી મંદિર, બારડોલી


સાલેજ, ગણદેવી


ભીલાડ

## વાપીમાં અવધ ઉટોપિયાના કરોડો રૂપિયાના બંગલામાં પાણી ઘૂસ્યા

વલસાડ : વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણીનો ભરાવો થયો હતો. અત્યાર સુધી નિચાણવાળા વિસ્તારમાં જ પાણીનો ભરાવો જોવા મળતો હતો. પરંતુ પહેલી વખત વેલ પ્લાન્ડ અવધ ઉટોપિયાના કરોડો રૂપિયાના બંગલામાં પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. બે દિવસથી વલસાડમાં અમીર હોય કે ગરીબ કોઇ પણ વ્યક્તિ પરેશાન જોવા મળ્યો હતો અને કુદરત જ્યારે કહેર વરસાવે છે ત્યારે તે બધ પર સરખો જ વરસાવે છે. પ્રેમનું પણ એવું જ છે કુદરત પ્રેમ આપવામાં પણ ભેદભાવ કરતો નથી. વાપીના કરોડો રૂપિયાના બંગલાઓ દિવસભર ચર્ચામાં રહ્યા હતાં એટલું જ નહીં આ બંગલાઓમાં પાણી ઘૂસવું તે સામાન્ય બાબત પણ ગણી શકાય તેમ નથી.


વલસાડ અબ્રામા નેશનલ હાઈવે


ડોલવણ, તાપી


અવધ ઉટોપિયા, વાપી


તરિયાવાડ, વલસાડ